

## શ્રી અતુલ ડોડિયાનાં ચિત્રો




બી ફોર બાપુ



ગાથા (Gatha)



વુમન વીથ ચક્કી



યોગી એન્ડ ધ ટાવર્સ

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો.**

(1) શ્રી તૈયબ મહેતાને _________ ફેલોશીપ મળવાથી તેઓ યુ.એસ. જઈ આધુનિક કલાનો અભ્યાસ કર્યો.

(2) _________કલાકારે ઓલ ઈન્ડિયા હેન્ડલૂમ બોર્ડ દિલ્હીમાં ડિઝાઈનર તરીકે સેવા આપી.

(3) શ્રીમતી અંજલીમેનને _________પુસ્તક પ્રગટ કર્યું છે.

(4) શ્રી અતુલ ડોડીયાએ રાજકીય અને સામાજીક ચિત્રો _________ શૈલીમાં પણ કર્યા છે.

**2. નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

(1) ચિત્રકારશ્રી તૈયબ મહેતાનો જન્મ ખેડા જિલ્લાના કયા ગામે થયો હતો.

(A) નડિયાદ (B) કઠલાલ (C) અમદાવાદ (D) કપડવંજ

(2) કયા ચિત્રકારનો જન્મ ગુજરાતના કચ્છમાં લોથલ મુકામે થયો હતો.

(A) શ્રી તૈયબ મહેતા (B) શ્રી અતુલ ડોડિયા

(C) શ્રી હિંમતલાલ શાહ (D) શ્રી ભૂપેન ખખ્ખર

(3) શ્રી ભૂપેન ખખ્ખરનું જાણીતું ચિત્ર કયું છે ?

(A) ગુરૂજયંતિ (B) મેન ઈન ધી વિન્ડો (C) રીક્ષાવાળા (D) ગાંધીજી અહિંસાના કલાકાર

(4) કયા ચિત્રકારનું મ્યુરલ ચિત્ર એક કરોડથી પણ વધુ કિંમતે વેચાયું ?

(A) શ્રી અતુલ ડોડિયા (B) શ્રીમતી અંજલી ઈલા મેમન

(C) શ્રી ભૂપેન ખખ્ખર (D) શ્રી તૈયબ મહેતા

**2. નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ આપો.**

(1) કયા ચિત્રકારે ફિલ્મ એડીટર તરીકે જોડાઈને કારકિર્દીની શરૂઆત કરી હતી.


_______________________________________________

(2) ચિત્રકાર કરતાં શિલ્પકાર તરીકે કોણ પ્રખ્યાત છે ?

_______________________________________________

(3) 'મેન ઈન ધી વીન્ડો' નામનું ચિત્ર કયા કલાકારનું છે ?

_______________________________________________



**ચિત્રાંકન : શ્રી જેરામ પટેલ**

# 5 'પુનરુત્થાન સમયની કલા'


**પુનરુત્થાન સમયની કલા (ઈ.સ. 1400 થી 1600 )**

પુનરુત્થાન સમયની કલાનો આરંભ ઈટલીમાં મધ્યયુગના અંતે અને ઇશુની ચૌદમી સદીના આરંભે ગણી શકાય. ઈ.સ. 1300માં આ યુગના મહાન ક્રાંતિકારી ચિત્રકાર જ્યોટો તેત્રીસના અને ડિવાઈન કોમેડીના કવિ દાન્તે પાંત્રીસ વર્ષના હતા. મહાન ચિત્રકાર લીયોનાર્દો-દ-વિન્ચીનો જન્મ (ઈ.સ. 1452) સુધીમાં યુરોપની લાક્ષણિકતા સમી સંસ્કૃતિક ઘટના તરીકે 'પુનરુત્થાન યુગ'નો સ્વીકાર થયો.

સમૃદ્ધ નગરો ધરાવતું ઈટાલી વિશ્વ વ્યાપારના હાર્દસમા ભૂમધ્ય સમુદ્રના જળમાર્ગ ઉપર આવેલું હોઈ વેનિસ અને જિનોઆ જેવાં બંદરોનો વેપાર ધંધા માટે ભરપુર ઉપયોગ થયો. એને કારણે અંદરના ભાગોમાં માલસામાન પહોંચાડવા માટે નદીના જળમાર્ગ ઉપર આવેલા ફ્લોરેન્સ બંદરનો ઉપયોગ થતો. આ કારણે મિલાન નગર પણ સમૃદ્ધ બન્યું.

વેપાર વાણિજ્ય દ્વારા પ્રાપ્ત થયેલી સંપત્તિ અને સમૃદ્ધિનો રાજ્યસત્તાએ કલાને ઉત્તેજન આપવામાં ઉપયોગ કર્યો. જનમાનસ આર્થિક સમૃદ્ધિમાં જ નિશ્ચિત બનીને કલાને પોષણ આપી શકે છે તે ન્યાયે શિલ્પીઓ, સ્થપતિઓ અને ચિત્રકારોને શ્રીમંતો દ્વારા અને રાજ્યસત્તા દ્વારા આશ્રય મળ્યો. રાજકીય આગેવાનો તથા ધનિક પરિવારો કલાકારોના આશ્રયદાતા બનવાની સ્પર્ધામાં ઉતરવા લાગ્યા. કલાકૃતિના સંગ્રહો પોતાની પાસે હોય તેને આ શ્રીમંતો મોટાઈ અને પ્રતિષ્ઠાનું લક્ષણ માનવા લાગ્યા. આ કલાકૃતિઓ કોઈ એક ધર્મસ્થાનના કે ધર્મગુરુના આશ્રયે સર્જાઈ નથી તેથી તેમાં ધર્મનિરપેક્ષતાનું તત્ત્વ પ્રવેશ્યું. કલાસંગ્રહ અથવા મ્યુઝિયમનો વિચાર પુનરુત્થાન યુગની દેણ છે. નવી શોધાયેલી તૈલચિત્રોની આગવી પદ્ધતિએ દુનિયાને આબેહુબરૂપે ચિતરવાનું સરળ કરી આપ્યું. તેથી જીવનનાં ભૌતિક રૂપો સાચા દેખાય તેવી રીતે ચિતરાવા લાગ્યાં. પંદરમી સદીથી પશ્ચિમના દેશોમાં કલા ધર્મ અને રાજકીય ક્ષેત્રે ઝડપથી પરિવર્તન આવવા લાગ્યું. કલાક્ષેત્રની વાત કરીએ તો આ સમયના મહાન કલાકારો લીયોનાર્દો-દ-વિન્ચી, માઈકલ એન્જેલો અને રફાએલને ગણી શકાય. આ પ્રકરણમાં આપણે આ કલાકારોનો વિસ્તૃત અભ્યાસ કરીશું.

## 1 શ્રી લીયોનાર્દો-દ-વિન્ચી (ઈ. સ. 1452 થી ઈ. સ. 1519)



લીયોનાર્દો-દ-વિન્ચી ઈશ્વરદત્ત શક્તિવાળા અજોડ વ્યક્તિત્વ ધરાવતા વીરલ ચિત્રકાર હતા. તેમનો જન્મ ઈ.સ. 1452ની 15મી એપ્રિલે ઈટાલીમાં વીંચી નામના ગામમાં થયો હતો. શાળાના અભ્યાસકાળ દરમિયાન તેઓ ચંચળ અને સ્વચ્છંદી હતા તેથી તેમના વર્તનથી શિક્ષકો પણ મુંઝાતા હતા.

એ જમાનાના કુશળ શિલ્પી વેરોકિયો પાસેથી ચિત્રકળાનું જ્ઞાન તેમણે લીધું. વીંચીની કલાસૂઝથી તેમના ગુરૂ વેરોકિયો એટલા પ્રભાવિત થયા કે એમણે ચિતરવાનું બંધ કરીને ફકત શિલ્પકલા પર જ ધ્યાન કેન્દ્રીત કર્યું. ગુરુજી પાસેથી તેમણે ફોર્મ, પર્સપેક્ટિવ અને માનવપાત્રની ગતિ વિષયનું જ્ઞાન મેળવ્યું. ઘોડાઓના અદભૂત રેખાંકનો તેમણે કર્યાં છે. આવા કામમાં તેઓ તેમના ગુરુ કરતાં પણ આગળ હતા.

વીંચી બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેઓ સારા ચિત્રકાર તો હતા જ તે ઉપરાંત કુશળ સ્થપતિ, શિલ્પી, ઈજનેર, વૈજ્ઞાનિક અને અદભૂત કોમેડીયન પણ હતા. તેમની કારકિર્દી ફ્લોરેન્સ, મિલાન, પેરીસ, વેનીસ જેવાં ભવ્ય અને સમૃદ્ધ શહેરોને આભારી હતી. તેમણે કરેલાં ચિત્રસર્જનો જૂજ સંખ્યામાં જ છે પરંતુ તેમની અદભૂત હૈયાસૂઝને કારણે દુનિયાનાં મહામૂલાં રત્નો સમાન મોનાલિસા, લાસ્ટ સપર, મેડોના અને જુદી જુદી જાતનાં મશીનોના ડ્રોઈંગ ચિત્રકલા જગતની મોટી મૂડી છે. તેમના જીવનની એક વિશિષ્ટતા (કરુણતા) એ હતી કે વસ્તુ કે કાર્યનો અંત શું હશે તેનો ખ્યાલ તેઓ પહેલેથી જ પામી જતા હતા તેથી કેટલાંય કાર્યો તેમણે શરૂઆત કરતાં

તરત જ છોડી દીધાં હતાં. તેમના કામની પ્રક્રિયા ખૂબ જ ધીમી રહેતી, પરંતુ રચના કૌશલ્ય અદભૂત હતું. તેમનાં કેટલાંક સર્જનો રોયલ લાઈબ્રેરી ઓફ વિન્ડસર (લંડન) અને લુવ્ર (પેરિસ)માં સંગ્રહિત છે. કલાના જગતમાં તેમનું કામ અને નામ ઉચ્ચસ્થાને બિરાજે છે એ જ એમની સિદ્ધિ છે.


## શ્રી લીયોનાર્દો-દ-વિન્ચીનાં કેટલાંક જાણીતાં ચિત્રો



મોનાલીસા **(MonaLisa)**



હેડ ઓફ અ કોન્ડોટીયર **(Head of a Condottiere)**



ઈશુનું છેલ્લુ ખાણું **(The last Supper)**

# શ્રી લીયોનાર્દો-દ-વિન્ચીનાં કેટલાંક જાણીતાં ચિત્રો



લેડી વીથ એન અર્મીને (Lady with an Ermine)



વર્જિન અને સેન્ટ એને તેનાં બાળક સાથે



બેટલ ઓફ હોર્સમેન (Battle of Horsemen)

## 2 શ્રી માઈકલ એન્જેલો (ઈ. સ. 1475 થી ઈ. સ. 1564)



મહાન ચિત્રકાર અને કવિ માઈકલ એન્જેલોનો જન્મ કાપ્રેસે નગરમાં થયો ત્યાંથી ફલોરેન્સમાં વસવાટ કર્યો. નાની ઉંમરમાં જ પિતાની અનિચ્છા છતાં તે સમયના જાણીતા ચિત્રકાર અને કલાશિક્ષક ડોમેનિકો ધીર લન્દાઈઓની ચિત્રશાળામાં તાલીમ લેવા ગયા.

થોડા સમય પછી ફલોરેન્સના શ્રેષ્ઠી અને રાજ્યના કલાના આશ્રયદાતા લોરેન્ઝોએ તેમના મહેલમાં શરૂ કરેલી શિલ્પકાર્ય શાળામાં આમંત્રણ આપ્યું. અહીં રહીને માઈકલ એન્જેલોએ શિલ્પકામની તાલીમ લીધી. સાથે સાથે ચિત્ર સર્જનની સાધના ચાલુ રાખી. ઉપરાંત તેઓ કાવ્ય રચના પણ કરતા હતા. ઈ.સ. 1508માં વેટીકન સીટીના નવા પોપ જુલીયસ બીજાએ તેમને વેટીકન સીટીના દેવળના નાના દેવધરા (સિસ્ટાઈન ચેપલ)ની છત પર ચિત્રકામ કરવા માટે તેમને આમંત્રણ આપ્યું. અહીં તેમણે બાઈબલના પ્રસંગો આધારિત પ્રસંગ ચિત્રો અને વ્યક્તિ ચિત્રોથી 5800 ચોરસફૂટ વિસ્તારની ભીંતો પર અને છત પર ચત્તા સૂઈને માત્ર ચાર વર્ષના ટૂંકાગાળામાં (ઈ.સ. 1508 થી 1512) ચિત્રકામ પૂરું કર્યું. આ સર્જનને ટૂંકાગાળામાં કરેલા મહાન કલાકૃતિ તરીકે સ્વીકારાયું ત્યારે તેમની ઉંમર માત્ર 37 વર્ષની હતી.

માઈકલ એન્જેલોના શિલ્પોમાં મનુષ્ય દેહનો સુક્ષ્મ અભ્યાસ જોવા મળે છે તેમજ ચિત્રો અને શિલ્પોમાં સ્નાયુબદ્ધ શરીર ખૂબ સુંદર રીતે આલેખાયું છે. ચિત્રકાર ઉપરાંત સિદ્ધહસ્ત શિલ્પકાર પણ હતા. 18 વર્ષની ઉંમરે તેમણે જગ વિખ્યાત 'મેડોના અને બાળકનું શિલ્પ' તૈયાર કરેલું. 25 વર્ષની ઉંમરે ખૂબ જ પ્રખ્યાત શિલ્પ 'પી એટા'(કરૂણા)નું સર્જન કર્યું હતું. તે કૃતિના પાત્રો માનવ નહિ પણ દૈવી હતાં. 'ગુલામ' પણ તેમનું વિખ્યાત શિલ્પ છે.


ક્રિએશન ઓફ આદમ અને આખરી ન્યાય, (ધ લાસ્ટ જજમેન્ટ) (ઈ.સ. 1536-1541) જેવાં ચિત્રોએ તેમને અમરત્વ આપ્યું છે.

**શ્રી માઈકલ એન્જેલોનું શિલ્પ**



**- પિએટા (Pieta)**

## શ્રી માઈકલ એન્જેલોનાં ચિત્રો અને શિલ્પ



- ક્રિએશન ઓફ આદમ (creation of Adam)




- હૉલી ફેમિલી
(Holy Family)

માઈકલ એન્જેલોનું
પેઈન્ટિંગ




મોઝીસ (Moses)
માઈકલ એન્જેલોનું શિલ્પ

## શ્રી માઈકલ એન્જેલોનાં ચિત્ર અને શિલ્પો



ધ લાસ્ટ જજમેન્ટ
**(The last judgement)**




શિલ્પ - ડેવીડ **(David)**



માતા અને બાળક **(Mother and Child)**

# 3. શ્રી રફાએલ (ઈ. સ. 1483 થી ઈ. સ. 1520)



ચિત્રકાર પિતાનો પુત્ર ચિત્રકાર રફાએલ પણ વીંચી અને માઈકલ એન્જેલોની હરોળના ચિત્રકાર ગણાય છે. તેમની રંગપૂરણી વધારે આકર્ષક છે. તેમણે ફલોરેન્સના બદલે રોમને પોતાની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું હતું. પોપ (ખ્રિસ્તી ધર્મના વડા)ની કચેરીમાં તેમણે ચિત્રકાર તરીકે સુંદર કામ કર્યું છે.ત્યાંના વેટીકન મહેલમાં અનેક સુંદર ભીંતચિત્રો કર્યાં છે. તેમનામાં રહેલી નાજુક પાત્રોની નજાકત મધુર લાગે છે. ચિત્ર આલેખનની અદ્દભૂત શક્તિ અનન્ય છે. તેમનામાં આગવી કલાસૂઝ હોવાથી બહુ જ ઝડપથી નવું નવું શીખતા રહ્યા અને ચિત્ર સર્જન કરતા રહ્યા.

વેનીસ શહેરમાં આ સમય દરમિયાન બીજા ચિત્રકારો પણ સુંદર ચિત્રોનું સર્જન કરતા હતા. તેમના ચિત્રોમાં રંગની ભભક વધારે જોવા મળે છે. ફલોરેન્સના ચિત્રકારોએ ધાર્મિક વિષય ઉપર ચિત્રો કર્યાં છે. જ્યારે વેનીસના ચિત્રકારોએ સામાન્ય જીવનને લગતાં ચિત્રો કર્યાં છે. આ વિવિધતાની નોંધ ઐતિહાસિક દૃષ્ટિએ અદ્દભૂત છે.

તેઓ દૈવી ચિત્રકાર તરીકે ઓળખાય છે. તેમના ચિત્રોમાં લોકજીવનને લગતા ચિત્રો જોવા મળે છે. સામાન્ય જનજીવન આધારિત વિષય ચિત્રો તેમની આગવી ખાસીયત હતી.

રફાયેલે મેડોના ચિતરવામાં વિવિધતા બતાવી છે તેમજ બાઈબલ આધારીત અનેક પ્રસંગોનું રેખાંકન કર્યું છે. તેમના જાણીતા ચિત્રોમાં વર્જીનનું લગ્ન, ચાઈલ્ડ વીથ મેડોના, વીઝન ઓફ નાઈટ, મેડોના ઈન ધ મિડો, ધ ટ્રાન્સફીગરેશન ઓફ ક્રાઈસ્ટ જેવા ચિત્રો ખૂબ જ જાણીતા થયા છે.

રફાયેલનું જીવન ઠાઠ માઠથી ભરેલું હતું. તે દેખાવે રૂપાળા હતા તેથી રાજા-મહારાજા જેવા લાગતા હતા. તેમણે ટૂંકાગાળામાં અનેક સર્જનો કર્યાં હતાં. માત્ર ૩૭ વર્ષની નાની ઉંમરે આ દુનિયામાંથી વિદાય થયા. તેમની અંતિમયાત્રાના દર્શન માટે રોમના લોકો ઉમટી પડ્યા હતા. તેમને છેલ્લી સલામ આપીને યશના હકદાર બનાવ્યા હતા તેવું માન ભાગ્યે જ કોઈ ચિત્રકારને મળ્યું હશે.

**શ્રી રફાએલનું ચિત્ર**



**ધ ટ્રાન્સફિગરેશન ઓફ ક્રાઈસ્ટ**

**(The transfiguration of christ)**

## રફાએલનાં ચિત્રો



વીઝન ઓફ નાઈટ (Vision of Knight)



વર્જીનનું લગ્ન (Marriage of Virgin)



ચાઈલ્ડ વીથ મેડોના (Child with Madona)

# શ્રી રફાએલનાં ચિત્ર



પોટ્રેટ (Potrait)



મેડોના (Madonna)



મેડોના (Madonna)



- મેડોના ઈન ધ મિડો (Madonna in the Midow)

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો.**

(1) 'મોનાલીસા' નામનું જગવિખ્યાત ચિત્ર ________ ચિત્રકારનું છે.

(2) મહાન ચિત્રકાર અને કવિ માઈકલ એન્જેલોનો જન્મ ________નગરમાં થયો હતો.

(3) ________ચિત્રકાર માત્ર ૩૭ વર્ષની નાની ઉંમરે આ દુનિયામાંથી વિદાય થયા.

**2. નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

(1) કયા ચિત્રકારે કુશળ શિલ્પી વેરોકિયો પાસેથી ચિત્રકળાનું જ્ઞાન લીધું ?

(A) શ્રી ભૂપેન ખખ્ખર (B) શ્રી વિન્સેટ વાનગોઘ

(C) શ્રી લિયોનાર્દો-દ-વિન્ચી (D) શ્રી અતુલ ડોડિયા

(2) જગ વિખ્યાત મેડોના અને બાળકનું શિલ્પ કયા કલાકારે તૈયાર કરેલું ?

(A) શ્રી માઈકલ એન્જેલો (B) શ્રી વિન્સેટ વાનગોઘ

(C) શ્રી લિયોનાર્દો-દ-વિન્ચી (D) શ્રી રફાએલ

(3) કયા ચિત્રકારે વેટીકન મહેલમાં અનેક સુંદર ભીંતચિત્રો કર્યા છે ?

(A) શ્રી માઈકલ એન્જેલો (B) શ્રી તૈયબ મહેતા

(C) શ્રી લિયોનાર્દો-દ-વિન્ચી (D) શ્રી રફાએલ

**3. નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ આપો.**

(1) કયા ચિત્રકારોએ ધાર્મિક વિષય ઉપર ચિત્રો કર્યા છે ?


________________________________

(2) કઈ આગવી પદ્ધતિએ દુનિયાને આબેહુબ (યથાર્થ દર્શન) ચિતરવાનું સરળ કરી આપ્યું ?

________________________________

(3) કયા ચિત્રકારનું જીવન ઠાઠમાઠથી ભરેલું હતું ?

________________________________




**ચિત્રાંકન : શ્રી જેરામ પટેલ**

# 6 પશ્ચિમના આધુનિક ચિત્રકારો

કોઈને બંધનમાં રહેવું ગમતું નથી. તેથી અગાઉના ચિત્રકારોએ કરેલાં ચિત્રો કે ચિત્રવિધાન પદ્ધતિમાં હરવખત કાંઈક ને કાંઈક પરિવર્તન આવતું રહ્યું છે. પરિવર્તન એ સૃષ્ટિનો નિયમ છે. નદીના પ્રવાહની જેમ વહ્યે જતી કલા સાધનામાં સર્જકોએ અનેક નવા નવા પ્રયોગો કરીને સુંદર ચિત્રો તૈયાર કર્યાં છે. જેમ ભારતમાં તેમ પશ્ચિમ તરફના દેશોમાં પણ આ રીતનાં પરિવર્તન જોવા મળે છે. આમાંથી કેટલાક મહાન ચિત્રકારોના જીવન અને ચિત્રોનો પરિચય અહીં આપવાનો પ્રયાસ તમારી ચિત્ર સાધનામાં વૈવિધ્ય લાવવા મદદરૂપ થશે.

## 1. શ્રી પૉલ સેઝાં



શ્રી પૉલ સેઝાંનો જન્મ ઈ.સ. 1839માં ફ્રાન્સના એક સામાન્ય કુટુંબમાં થયો હતો. તેઓ ઈમ્પ્રેશનિસ્ટ વિચારસરણીનો વિરોધ કરનાર એક ફ્રેન્ચ કલાકાર હતાં. મુશ્કેલીના સમયમાં પણ પોતાના સિદ્ધાત પર અડગ રહીને ચિત્રો કર્યાં. તેમને જે યોગ્ય લાગ્યું તે સચ્ચાઈપૂર્વક રજૂ કર્યું. તેમનાં વિચારોમાં ગહનતા હતી, ચિંતન હતું. આ એક ક્રાંતિકારી કલાકારના લક્ષણો હતાં.

તેમનાં ચિત્રોની સાચી કિંમત લોકોને પાછળથી સમજાઈ તાહીતી ટાપુમાં તેમણે જીવનના બાકીના વર્ષો વિતાવ્યા. સેઝાંએ જગતને વસ્તુ સ્વરૂપે જોયું હતું. ચિત્રકાર એક વિષયવસ્તુ કે વિષય પર ધ્યાન કેન્દ્રીત કરે તે જરૂરી હતું. માટે તમેણે પસ્પેક્ટિવ (યથાર્થ દર્શન)નો ઉપયોગ કર્યો.

એમણે ચિત્રમાં આકાર અને તેની સુંદર ગોઠવણી તથા વિસ્તારની યોગ્ય વહેંચણી ઉપર ભાર મૂક્યો. કલ્પના સભર રંગોથી ચિત્રો બનાવતા. સેઝાંએ આપેલ વિચારોમાં આધુનિક કલાના બીજ રહ્યાં છે. તેથી તેમને આધુનિક કલાના પિતા ગણવામાં આવે છે. સેઝાંના વિચાર અને કાર્યમાંથી પ્રેરણા લઈ બ્રાક તેમજ પિકાસો એ ક્યુબિઝમની સ્થાપના કરી અને તે દ્વારા આધુનિક કલાનો મજબૂત પાયો નાંખ્યો.



**શ્રી પૉલ સેઝાંનું ચિત્ર** **કાર્ડ પ્લેયર્સ (Card Players)**


## શ્રી પૉલ સેઝાંનાં ચિત્રો



સ્ટીલ લાઈફ (Still Life)



સ્ટીલ લાઈફ (Still Life)



લેન્ડસ્કેપ (Landscape)

# 2. શ્રી વિન્સેન્ટ વાનગોઘ (ઈ. સ. 1853 થી ઈ. સ. 1890)



શ્રી વિન્સેન્ટ વાનગોઘ પ્રભાવવાદી કલાકારોમાંના એક હતા. તેમનો જન્મ હૉલેન્ડમાં 30 માર્ચ 1853માં પાદરી કુટુંબમાં થયો હતો. ધાર્મિક અને સુસંસ્કૃત માહોલમાં ઉછેર થવાને કારણે તેઓ ભાવનાત્મક હતાં. આત્મવિશ્વાસ સાથે પોતાની દિશામાં આગળ વધ્યાં જીવનમાં સફળતા મેળવવા તેમણે અનેક વ્યવસાયોમાં નસીબ અજમાવ્યું. ચિત્રો વેચવાનું કામ કર્યું. શિક્ષક બન્યાં, વધુ અભ્યાસ કરી પાદરી બન્યા પણ ક્યાંય સફળતા ન મળતા સત્યાવીસ વર્ષની ઉંમરે કારમી નિરાશામાં જીવનભર ચિત્રો કરવાનો નિર્ણય લીધો.


વાનગોઘને ખેડૂતો, શ્રમજીવીઓ અને કસબીઓ માટે અનહદ આદર હતો. સર્જન શું છે તે તેઓ સારી રીતે સમજતા હતા. જીવન પર્યંત તેમનું એક પણ ચિત્ર વેચાયું નહોતું. છતાં પણ તેઓ ચિત્રો કર્યે જ જતાં હતાં. સતત તકલીફો ભૂખ, પ્રેમ ઝંખના અને ગાંડપણ વચ્ચે તેઓ જીવ્યા. માત્ર તેનો ભાઇ 'થીઓ' અંતરના ઉંડાણથી ચાહતો હતો. તે વાનગોઘને સ્નેહ અને રંગો પૂરા પાડતો હતો. માનસિક પરિતાપમાંથી મુક્તિ મેળવવા તેમણે કલાને સાધન બનાવ્યું. પચીસ વર્ષની ઉંમરે ચિત્રો દોરવાનું શરૂ કર્યું. સાડત્રીસ વર્ષે તેઓ મૃત્યુ પામ્યા માત્ર બાર વર્ષની કલા સાધનામાં 840 તૈલચિત્રો અને અસંખ્ય સ્કેચ કર્યાં અને જગતભરના કલાકારોમાં અનોખું સ્થાન પામ્યા. તેમનાં 'થીઓ' (ભાઇ) પરનાં પત્રો અતિ મહત્ત્વના છે. બંને ભાઈની કબરો પાસ પાસે છે. આ ચિત્રકાર પર 'Lust for life' નવલકથા લખાઈ છે અને ફિલ્મ પણ બની છે. Lust for lifeનો ગુજરાત અનુવાદ શ્રી વિનોદભાઈ મેઘાણીએ કર્યો છે. જે પુસ્તકનું નામ 'સળગતા સૂરજમુખી' છે.

આ સત્યનિષ્ઠ કલાકાર જીવનભર ગરીબીનો સામનો કરી જીવ્યાં. પણ જગતને પોતાની કલાથી નવો રાહ ચિંધતા ગયા. અંતે પોતાની જાતે પોતાના જીવનનો અંત આણ્યો.



**શ્રી વિન્સેન્ટ વાનગોઘનું ચિત્ર** **સ્ટેરી નાઈટ (Starry Night)**


## શ્રી વિન્સેન્ટ વાનગોઘનાં ચિત્રો



ધ ચર્ચ (The Church)




સનફ્લાવર્સ (Sunflowers)




હાર્વેસ્ટ (Harvest)




ધ પોટેટો ઈટર્સ (The Potato Eaters)



કેફે ટેરેસ એટ નાઈટ (Cafe Terrace at Night)



પોન્ડ (Pond)



ફિશિંગ બોટસ (Fishing boats)

# 3. શ્રી પાબ્લો પિકાસો



શ્રી પાબ્લો પિકાસોનો જન્મ 1881માં સ્પેઇનમાં એક ચિત્રકાર શિક્ષકના ઘરે થયો હતો. ઘણી નાની ઉંમરે પોતાની કલા પ્રતિભાના દર્શન કરાવ્યાં હતાં. તેઓ આબેલીટી અને કલા જગતના જાદુગર ગણાતા હતા. અદ્યતન કલાના બધા જ નવા નવા પ્રયોગોમાં તેઓ મોખરે રહેલા. આ ચિત્રકારે અદભૂત સર્જનો કર્યાં છે. વિશ્વયુદ્ધથી સર્જાયેલ મનુષ્ય જીવનની અવદશા, નિઃસહાયતા અને કરૂણતા રજૂ કરવામાં અભિવ્યક્તિવાદનું 'ગુર્નિકા' નામનું ચિત્ર ઉત્તમ ઉદાહરણ છે. વિશ્વયુદ્ધ અને બૉમ્બ વિસ્ફોટની ભયાનકતા આ ચિત્રમાં દેખાઈ આવે છે.

'થ્રી મ્યુઝીસીયન્સ', 'મેન વીથ ગીટાર', 'સ્ટીલ લાઈફ' તેમના નોંધપાત્ર ચિત્રો છે. તેમણે અનેક માધ્યમોમાં કામ કર્યું છે. કલાક્ષેત્રે નવી દૃષ્ટિ અને સૃષ્ટિ આપ્યા. આજ સુધી થઈ ગયેલા મહાન પ્રતિભાશાળી કલાકારોમાં પિકાસો જ ફકત પોતાના જીવન દરમિયાન કીર્તિ અને પૈસા પામી શક્યા. તેમનાં કામ જોતાં તે ક્યાંય બંધાયેલા લાગતાં નથી. હંમેશા પ્રયોગશીલ રહીને નવીન સર્જન કરવાનું તેમનું ધ્યેય હતું.

કલાક્ષેત્રે પિકાસોએ મૂળભૂત શોધ કરીને કલાના સ્વરૂપ અને સમજણ બદલી નાંખ્યા તેમનામાં રચનાશક્તિની ભારે સૂઝ હતી. પિકાસોનું 1973માં 91 વર્ષની વયે નિધન થયું ત્યારે તેઓ ઈતિહાસમાં સહુથી સુપ્રસિદ્ધ અને સફળ કલાકારમાંના એક હતા. પાબ્લો પિકાસોએ કુદરતને તેના મૂળ સ્વરૂપે ન જોતાં ભૂમિતિના આકારોમાં, રૂપાંતર કરીને જોવાની દૃષ્ટિ ખીલવી હતી. તેમણે ઘનવાદ (ક્યુબિઝમ)ના ચિત્રો બનાવ્યા. કોલાઝ પદ્ધતિના શોધક તરીકે પિકાસોનું સ્થાન આગવું છે.



**શ્રી પાબ્લો પિકાસોનું ચિત્ર** **ગુર્નિકા ( Guernica )**


## શ્રી પાબ્લો પિકાસોનાં ચિત્રો



ગર્લ બીફોર મીરર (Girl before mirror)



સીટેડ વુમેન (Seated Woman)



ચિત્ર (Painting)



ધ ડ્રીમ (The Dream)

## શ્રી પાબ્લો પિકાસોનાં ચિત્રો



ચિત્ર (Painting)



સીટેડ વુમેન (Seated Woman)



વુમેન (Women)



ચિત્ર (Painting)

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો.**

(1) શ્રી પોલ સેઝાંનો જન્મ ________દેશના એક સામાન્ય કુટુંબમાં થયો હતો.

(2) ________નો જન્મ હોલેન્ડમાં 30 માર્ચ 1853માં પાદરી કુટુંબમાં થયો હતો.

(3) શ્રી પાબ્લો પિકાસો ________ કલાના મુખ્ય આધાર સ્તંભ હતા.

**2. નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

(1) શ્રી પૉલ સેઝાંએ જીવનના બાકીના વર્ષો કયાં વિતાવ્યા ?

(A) હોલેન્ડ (B) તાહીતી ટાપુ (C) ફ્રાન્સ (D) સ્પેઈન

(2) 'સન ફ્લાવર્સ' અને 'સ્ટેરી નાઈટ' એ કયા ચિત્રકારના જાણીતા ચિત્રો છે ?

(A) શ્રી પાબ્લો પિકાસો (B) શ્રી વિન્સેટ વાનગોઘ

(C) શ્રી પૉલ સેઝાં (D) શ્રી રફાએલ

(3) કોલાજ પદ્ધતિના શોધક તરીકે કયાં ચિત્રકારનું નામ આગવું છે ?

(A) શ્રી વિન્સેટ વાનગોઘ (B) શ્રી પાબ્લો પિકાસો

(C) શ્રી રફાએલ (D) શ્રી પૉલ સેઝાં

**3. નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ આપો.**

(1) ચિત્રકાર પોલ સેઝાનાં જાણીતા ચિત્રો જણાવો.


________________________________________

(2) Lust for Life નો ગુજરાતી અનુવાદ શ્રી વિનોદભાઈ મેઘાણીએ કયા પુસ્તકમાં કર્યો છે ?

________________________________________

(3) કયા ચિત્રકારે ઘનવાદ (કયુબિઝમ)ના ચિત્રો બનાવ્યાં?

________________________________________



**ચિત્રાંકન : શ્રી રમેશ તડવી**

# વિભાગ - 2 ચિત્રસર્જન ( PRACTICAL )

'આર્ટ ઈઝ ધી મોસ્ટ ઓથેન્ટીક રેકોર્ડ ઓફ મેન કાઈન્ડ' અર્થાત માનવજીવનનો સૌથી પ્રમાણભૂત ઈતિહાસ હોય તો તે કલા છે. આદીમાનવથી આધુનિક માનવ સુધીની વિકાસ યાત્રા દ્વારા યુગે યુગે માનવીની જીવન શૈલી બદલાતી રહી છે અને એ જીવન શૈલી મુજબનાં ચિત્રો પણ જે તે સમયમાં થયાં છે. તેથી એ સમયમાં માનવીનું જીવન અને પ્રવૃત્તિઓ કેવી હતી? તે સમયના ચિત્રો કે શિલ્પો ઉપરથી જાણી શકાય છે. એટલે કહી શકાય કે કલાએ માનવજીવનનું દર્પણ છે.

આદિમાનવથી આધુનિક માનવની વિકાસયાત્રા યુગે યુગે બદલાતી રહી છે અને એ મુજબ કલા પણ કરવટ બદલતી રહી છે. આજની કલા તો પરાકાષ્ટાએ પહોંચી છે. કારણ કે વૈભવ અને વિલાસ વધવાની સાથે સુખ સગવડના સાધનો પણ બદલાયાં છે. કલાત્મક આકારોવાળાં મકાનો ઉત્કૃષ્ટ આકારોવાળું રાચરચીલું, વિવિધ આધુનિક આકારો અને રંગોવાળા પોશાકો અને મનગમતા ચિત્રો દિવાલો ઉપર લગાવવા વગેરે માનવીની મનગમતી પ્રવૃત્તિઓ છે. આજનો માનવી કલાને સમજવાની અને માણવાની સુઝ ધરાવે છે તેથી ચિત્રકારો કે શિલ્પકારો પણ સમાજની માંગ મુજબ કલા કંડારવામાં અવનવા આધુનિક પ્રયોગો કરતા થયા છે.

અગાઉના ધોરણોમાં ચિત્રસર્જન વિશે તમે અભ્યાસ કર્યો છે. આ ધોરણમાં તમારે તેનો વધુ અભ્યાસ કરવાનો છે. જેમાં ચિત્ર સંયોજન, સર્જનાત્મક ભાત અને અમૂર્તભાતના ચિત્રસર્જનો કરવાનાં છે. આ બધાં જ ચિત્રો 28 x 38 સે.મી.ના કાર્ટેજ ડ્રોઈંગ પેપર ઉપર પીંછીથી પુરાય તેવા જળરંગોમાં તૈયાર કરવાના છે.

### (1) ચિત્રસંયોજન ( Picture Composition )

ચિત્રસંયોજન એટલે ચિત્રના વિષય મુજબ માનવ પાત્રોની યોગ્ય ગોઠવણી. તેની સાથે વિષયને અનુરૂપ વાતાવરણ બતાવવા માટે પ્રાણી, પક્ષી, ઝાડ, પર્વત, આકાશ વગેરે કુદરતી તત્ત્વોને યોગ્ય રીતે ગોઠવવાના હોય છે. આ ગોઠવણી એટલે સંયોજન. આ વિષયનાં ચિત્રોમાં માનવજીવનના રોજ બરોજના પ્રસંગો, ઘટનાઓ, ઉત્સવો, તહેવારો વગેરેનાં ચિત્રસંયોજનો 20 x 25 સે.મી.ના માપમાં વિષયને અનુરૂપ જળરંગો પૂરીને ચિત્રો તૈયાર કરવાનાં છે. અહીં કેટલાક નમૂનાનાં ચિત્રસંયોજનનો છાપ્યાં છે. જેથી આવાં ચિત્રો તૈયાર કરવાની તમારી સૂઝ કેળવાશે.



ચિત્રાંકનઃ પ્રશાંત એમ. પટેલ




કુવા કાંઠે



હોળી ઉત્સવ

ચિત્રાંકન: પ્રશાંત એમ. પટેલ



કાંટો



માતા અને બાળક

ચિત્રાંકન : શ્રી પાનાચંદ લુણેચિયા



પરબ

ચિત્રાંકન : શ્રી કલેન્દુ મહેતા



દોરડા કૂદતી છોકરી

ચિત્રાંકન : શ્રી લક્ષ્મણ લામ્પડા



મેળો

ચિત્રાંકન : શ્રી ચિરાગ સુથાર



પનઘટ

ચિત્રાંકન : શ્રી પાનાચંદ ધુફેચિયા




ચિત્રાંકન : શ્રી ચિરાગ સુથાર

નૌકાવિહાર




ચિત્રાંકન :
શ્રી લક્ષ્મણ લામ્પડા

પૂજા



ચિત્રાંકન : શ્રી લક્ષ્મણ લામ્પડા

સરીયુ નદી પાર કરતા રામ



ચિત્રાંકન : શ્રી લક્ષ્મણ લામ્પડા


ખેતરમાં કામ કરતી સ્ત્રીઓ



મંદિરે પૂજા કરવા જતી સ્ત્રીઓ





પક્ષીને ચણ નાખતી સ્ત્રી



ચિત્રાંકન : શ્રી પરેશભાઈ મહેતા

મા અને બાળક





ઘર ભણી — ચિત્રાંકન : શ્રી કલેન્દુ મહેતા




ફુલ વેચનાર સ્ત્રીઓ — ચિત્રાંકન : શ્રી હરિભાઈ ટંડેલ

## (2) ભાત ચિત્ર (Picture design)

ભાત ચિત્ર એટલે સુશોભન કરવાની કળા, ભાતચિત્રના ઘણા પ્રકાર છે પરંતુ આ ધોરણમાં તમારે સર્જનાત્મક ભાત અને અમૂર્તભાતનાં ચિત્રો તૈયાર કરવાનાં છે. સુશોભન એટલે આનંદ માણવાની કળા, માનવ જીવનના દરેક ક્ષેત્રમાં આપણને સુશોભન જોવા મળે છે. ઘર વપરાશની ચીજો, પહેરવેશનાં કપડાં વગેરે કલાત્મક હોય તો સૌને ગમે છે. આજના આધુનિક યુગમાં જીવન જીવવાની કળા દાદ માગી લે તેવી છે. ફેશનના નામે અવનવા પ્રયોગ થાય છે અને વિવિધ પ્રકારની સુશોભન કળા વિકસી છે. અહીં તમારે સર્જનાત્મક ભાત અને અમૂર્ત ભાત રચનાઓ તૈયાર કરવાની છે.

### (i) સર્જનાત્મક ભાત રચના (Creation picture design)

કુદરતી કે માનવસર્જિત આકારોને સર્જનાત્મક (ક્રીએટીવ) બનાવીને તેને મૌલિક રીતે અને કલાત્મક રીતે ગોઠવીને સર્જનાત્મક ભાત ચિત્ર તૈયાર કરવાનું હોય છે અને તેમાં વિષયને અનુરૂપ પીંછીથી પુરાય તેવા જળરંગો પુરવાના છે. આ ચિત્રો 20 x 25 સે.મી.ના માપમાં તૈયાર કરવાનાં છે. સર્જનાત્મક ભાતચિત્રના કેટલાક નમૂના અહીં છાપ્યા છે. જેથી આ ચિત્રો કેવાં અનઈ કઈ રીતે બનાવવાનાં છે તેનો ખ્યાલ તમને આવશે.



**સર્જનાત્મક ભાત** **ચિત્રાંકનઃ પ્રશાંત એમ. પટેલ**




સર્જનાત્મક ભાત

ચિત્રાંકન : પ્રશાંત એમ. પટેલ



સર્જનાત્મક ભાત


ચિત્રાંકન : પ્રશાંત એમ. પટેલ



સર્જનાત્મક ભાત — ચિત્રાંકન : શ્રી કલેન્દુ મહેતા



સર્જનાત્મક ભાત — ચિત્રાંકન : શ્રી દિપેશ કાછીયા




સર્જનાત્મક ભાત ચિત્રાંકન : શ્રી લક્ષ્મણ લામ્પડા



સર્જનાત્મક ભાત	ચિત્રાંકન : શ્રી દિપેશ કાછીયા



સર્જનાત્મક ભાત	ચિત્રાંકન : શ્રી દિપેશ કાછીયા




ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા


### (ii) અમૂર્ત (આધુનિક) ભાત રચના (Modern picture-design)

અમૂર્ત ભાત રચના એટલે જેમાં કોઈ ચોક્કસ આકારના હોય તેવા આધુનિક આકારોની ભાર સામ્ય (સમતુલા) જાળવીને કરેલી ભાત રચના. આજના આધુનિક યુગમાં આ ભાત રચનાનો વ્યાપ ખૂબ જ વધ્યો છે. પરંપરાગત ચાલ્યા આવતા આકારો હવે માનવીને ગમતા નથી. જેમાં કંઈક વિશેષતા હોય તેવા આકારો જ બધાને ગમે છે. પરિણામે કલાકારો પણ શિલ્પ હોય કે ચિત્ર હોય, આધુનિક રીતે જ તૈયાર કરે છે. આવાં ચિત્રો કે શિલ્પોને સમજવા માટે જોનારની કલ્પના શક્તિની થોડી મહેનત કરવી પડે છે. પરિણામે જોનાર થોડા સમય માટે કલા સાથે ઓતપ્રોત થઈ જાય છે.

અમૂર્ત ભાત રચના માત્ર સુશોભનની કળા છે. તેથી મુક્ત અભિવ્યક્તિ થી આ રચના કરી શકાય છે. આવી ભાત રચના તમે એક કે બે અમૂર્ત આકાર પસંદ કરીને તેને પુનરાંકન કરીને કરી શકાય છે. આવાં ભાતચિત્રો 20 x 20 સે.મી.ના માપમાં પીંછીથી પુરી શકાય તેવા જળરંગો પઉઈૂરીને તૈયાર કરવાનાં છે. અમૂર્ત ભાત રચનાના કેટલાક નમૂના અહીં છાપ્યા છે. તેથી અમૂર્ત ભાતનાં ચિત્રો તૈયાર કરવાની તમારી સમજ કેળવાશે.



ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા




ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા




ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા


## આધુનિક ભાત - એક જ આધુનિક આકારને બે વખત પુનરાંકન કરીને કરેલી ભાત






ચિત્રાંકન : લક્ષ્મણ વાઘમડા






ચિત્રાંકન : લક્ષ્મણ સામ્પડા

આધુનિક ભાત - એક જ આધુનિક આકારને બે વખત પુનરાંકન કરીને કરેલી ભાત







ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા

આધુનિક ભાત - એક જ આધુનિક આકારને એક જ વખત પુનરાંકન કરીને કરેલી ભાત

## અમૂર્ત આકારો



ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા




મોહેં-જો-દડો

કાંગડા શૈલી

અશોક સ્થંભ

તાજ-મહલ

કિશનગઢ

સારનાથ

ખજુરાહો મંદિર

લોથલ

અમરાવતી ટેમ્પલ

મથુરા સ્ટેન્ડિંગ

મહાબલિપુરમ્

અંજતાની પદ્મપાણી

સીધી સૈયદની જાળી

સાંચી સ્તૂપ

કારલા

સૂર્યમંદિર


કોર્ણાક ટેમ્પલ

ઈલોરા ટેમ્પલ


જૈન શૈલી

ઈલોરા ટેમ્પલ


ચમાર ધર્ની




ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા



ચિત્રાંકન : શ્રી રમેશ તડવી



ચિત્રાંકન : શ્રી જેરામ પટેલ



ચિત્રાંકન : શ્રી જેરામ પટેલ